સાવ જૂઠું જગત કોઈ તારું નથી,
મૂક સઘળી મમત કોઈ તારું નથી.

કોણ કોનું? અને એય પણ ક્યાં લગી?
છે બધું મનઘડત કોઈ તારું નથી.

કોઈ ઉંબર સુધી કોઈ પાદર સુધી,
છેક સુધી સતત કોઈ તારું નથી.

કોઈ એકાદ જણ, એય બેચાર પળ,
કે અહીં હરવખત કોઈ તારું નથી.

જે પળે જાણશે સોંસરો સળગશે,
આ બધી છે રમત કોઈ તારું નથી.

કઈ રીતે હું મનાવું તને બોલ મન,
બોલ, લાગી શરત કોઈ તારું નથી.

◆

ચલ બાળકની જેમ બધું ઝટ ભૂલી જઈએ,
આ હોવું, હોવાની ઝંઝટ ભૂલી જઈએ.

સાત ખોટની હોય ભલે રટ ભૂલી જઈએ,
આગ એક જે લાગી ઘટઘટ ભૂલી જઈએ.

બળમાં છે, છો સૌથી બળકટ ભૂલી જઈએ,
ખેલી લઈએ જીવ સટોસટ ભૂલી જઈએ.

આંખો, આંગણ શેરી, પાદર થાક્યા પાક્યા,
કોણ કહે કોને? એ આહટ ભૂલી જઈએ.

એમ ફક્ત મળવાથી શું વળવાનું 'મિસ્કીન'
શરત એ જ છે નામ અને વટ ભૂલી જઈએ.

◆

ફરતી કાંટાળી વાડ કરે,
સગપણ આવાં પણ લાડ કરે.

બાળક જેવું આ સૂનું મન,
સાંઠકડી રોપી ઝાડ કરે.

ક્યારેક નરી આ એકલતા,
ટોળાં જેવી રજાંડ કરે.

તું ફૂલ હશે ભૂલી જઉં છું,
ઝરણાં વ્હેતાં તો પ્હાડ કરે.

મિસ્કીન ઊંચાઈ માપ નહીં,
શું બાવળ કે શું તાડ કરે.

◆

શું સાંભળવા ઝંખે છે મન, હર વાત અધૂરી લાગે છે,
આ કોણ નથી સંગાથે કે શરૂઆત અધૂરી લાગે છે.

એ રંગ કયો આંખે ઘૂંટ્યો? ભીતરથી જાય નહીં છૂટ્યો,
એ રંગ-ભાતને શું નિસ્બત? હર ભાત અધૂરી લાગે છે.

એમાં થોડું જો સ્મિત ભળે આખો અવસર અજવાળી દે,
આ હુંપદ કેવું ખટકે છે? સોગાત અધૂરી લાગે છે.

જે મૌન મહીં ઘૂંટી હરપળ જે રાત-દિવસ ભીતર ખળખળ,
એ વાત વિનાની તો સઘળી રજૂઆત અધૂરી લાગે છે.

સઘળું છોડીને આવી છે મનગમતા સૌને લાવી છે,
આખરની પળ, આખરવેળા... કાં રાત અધૂરી લાગે છે?

ક્યાં ખોટ કશાની છે ઘરમાં? જીવું છું જાણે અવસરમાં,
આ કોણ યાદ આવ્યું મિસ્કીન કે જાત અધૂરી લાગે છે.

◆

આ પાર તરસવાનો ઓ પાર તરસવાનો,
કાંઠા રૂપે મળ્યો છે વિસ્તાર તરસવાનો.

વચ્ચે રહ્યો છે ઝૂલી એક પુલ 'સ્મરણ ઝુલા'.
ને એ જ મૂળમાં છે આધાર તરસવાનો.

ક્યારેક વીરડામાં ક્યારેક પૂર સામે,
હર રૂપ-રંગ માંહે પડકાર તરસવાનો.

લીધા પછીય ક્યાં સુખ? મૂક્યા પછીય ક્યાં સુખ?
હર શ્વાસને મળ્યો છે ધબકાર તરસવાનો.

આ પણ છે એ જ મારગ, મસ્તક છે મૂકવાનું,
એક વાર ગયો તરસી, સો વાર તરસવાનો.

કાશીએ પણ જઈશું, કરવત મુકાવશું મન,
ને માગશું ફરીથી અવતાર તરસવાનો.

◆

વરસ ઓણ પણ નીકળ્યું સાવ માઠું,
તરસને મળી તક બતાવાને કાઠું.

હતા આમ તો વાન ભીને ને તેમાં,
મળ્યું લાગણી નામનું એક લાખું.

હતું સાવ તોફાની બાળક શું સપનું,
સદા વાડ કૂદીને આવ્યું ને નાઠું.

હવે શ્વાસ પણ મા સમાણી જ ગાળો,
કહો ક્યાં લગી આમ ચૂપચાપ સાંખું.

હતો વ્યાસ રાજેશ એ કોઈ કાળે,
હવે તો સળગતી જ રેતીનું ભાઠું.

◆